# પશુ ઉછેર કેન્દ્ર, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ

---

## પશુ આહાર દાણ, કપાસીયા ખોળ તથા મકાઈ દાણા (દેશી) સપ્લાય કરવા અંગેની શરતો

---

૧. ટેન્ડર દસ્તાવેજ અપલોડીંગ કરવાની તારીખ ૦૯/૧૧/૨૦૧૯ (૧૦:૩૦ કલાકથી)

૨. ઈ–ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડર ઓનલાઈન સબમીટ કરવાની છેલ્લી તારીખ ૨૯/૧૧/૨૦૧૯ (૧૮:૦૦ કલાક સુધી)

૩. ઈ–ટેન્ડરીંગ સીસ્ટમથી ઓનલાઈન મંગાવેલ ટેન્ડરો અંગેના ફીઝીકલ ડોકયુમેન્ટ, ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. ના ડીમાન્ડ ડ્રાફ્ટ, શરતો, પેઢીના રજીસ્ટ્રેશન અંગેના આધારો, ઉત્પાદક/ડીલર/ડીસ્ટ્રીબ્યુટર્સ તરીકેના આધારો (માત્ર દાણ તથા ખોળ માટે), છેલ્લા વર્ષનું ઈન્કમટેક્ષ રીર્ટન, જી.એસ.ટી. સર્ટીફીકેટ તેમજ જરૂરી દસ્તાવેજો રજીસ્ટર પોસ્ટ એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયરથી સ્વીકારવાની છેલ્લી તારીખ ૦૭/૧૨/૨૦૧૯ (૧૮:૦૦ કલાક સુધી)

**નોંધ** : કવર ઉપર "પશુ આહારના ટેન્ડરના દસ્તાવેજો" તથા મોકલનારનું નામ દર્શાવવાનું રહેશે. ટેન્ડર ભરનાર પાર્ટી જો ફીઝીકલ ડોકયુમેન્ટ સમય મર્યાદામાં જમા નહીં કરાવે તો તેના ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહીં.

૪. ટેન્ડર પ્રાથમિક સ્ટેજ ખોલવાની સંભવિત તારીખ ૧૨/૧૨/૨૦૧૯ (૧૦:૩૦ કલાકે)

૫. ટેન્ડર કોમર્શીયલ સ્ટેજ ખોલવાની સંભવિત તારીખ ૧૩/૧૨/૨૦૧૯ (૧૦:૩૦ કલાકે)

૬. દાણની ગુણવતા BIS TYPE-I મુજબ હોવી જરૂરી છે. જેમાં **ઓછામાં ઓછુ** :– (૧) ૨૨% ક્રુડ પ્રોટીન (૨) ૩% ક્રુડ ફેટ (૩) ૦.૫% કેલ્શીયમ, (૬) ૦.૫% ફોસ્ફરસ અને **વધુમાં વધુ** :– (૧) ૧૧% મોઈસ્ચર (૨) ૭% ક્રુડ ફાઈબર (૩) ૩% સીલીકા હોવુ જોઈએ.

૭. કપાસીયા ખોળમાં ઓછામાં ઓછુ ૩૫% પ્રોટીન તથા ૫% ઓઈલ અને વધુમાં વધુ ૨.૫% સીલીકા હોવુ જોઈએ.

૮. મકાઈ દાણા (દેશી) ઉત્તમ કવોલીટીની તથા ચોખ્ખી હોવી જોઈએ.

૯. ભાવપત્રકો સાથે પશુ આહાર (કપાસિયા ખોળ અને દાણ) ના અંદાજીત ૧ કિગ્રા વજનના નમુના મોકલી આપવાના રહેશે અને તેનું ગુણવાતાની ચકાસણી અત્રેની કચેરીની લેબોરેટરીમાં કરવામાં આવશે. જે પાર્ટીના આપેલ નુમનાની ગુણવત્તા માંગેલ સ્પેશીફીકેશન મુજબની નહી હોય તેના ભાવપત્રકો કમીટી સમક્ષ ખોલવામાં આવશે નહીં.

૧૦. જે તે પાર્ટીના ભાવ મંજુર થયા બાદ તેમજ આપેલ ઓર્ડરના અનુસંધાનને સપ્લાય કરેલ દાણ તથા કપાસિયા ખોળની ગુણવત્તાની ચકાસણી અત્રેની કચેરીની લેબોરેટરીમાં કરવામાં આવશે. જે રીપોર્ટ માન્ય ગણવાનો રહેશે. બહારની લેબોરેટરીનો રીપોર્ટ માન્ય ગણવામાં આવશે નહી. લેબોરેટરી પરીક્ષણ થયા બાદ ટેન્ડરની શરતોમાં દર્શાવ્યા મુજબની ગુણવત્તા મુજબનો માલ નહી હોય, તો વેપારીએ પોતાના ખર્ચે તેમનો માલ ઉપાડી પરત લઈ જવાનો રહેશે. જેની સંપુર્ણ જવાબદારી પાર્ટીની રહેશે.

૧૧. દાણ દર માસે અંદાજે ૩૦ ટન તથા કપાસીયા ખોળ દર માસે અંદાજે ૧૫ ટન અને મકાઈ દાણા (દેશી) દર માસે અંદાજે ૧૦ ટન જરૂરીયાત મુજબ પુરૂ પાડવાનું રહેશે.

૧૨. સદરહું માલ ઓર્ડર આપ્યા બાદ ૩ થી ૪ દિવસમા સપ્લાય કરી આપવાનો રહેશે તેમજ ઓફીસ ટાઈમ સવારે ૦૮:૦૦ થી ૧૧:૦૦ અને બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦ દરમ્યાન પહોંચાડવાનો રહેશે.

૧૩. અનિવાર્ય સંજોગોમાં ખરીદીનો જથ્થો શરત નં. ૧૧ માં જણાવેલ અંદાજીત જથ્થા કરતા વધુ / ઓછો થઈ શકે છે. તેથી ઓછો કે વધારે જથ્થો વેપારીએ ખરીદી ઓર્ડર મુજબ પુરૂ પાડવાનું રહેશે. જથ્થો ઓછો કે વધારે કે બીલકુલ નહીં ખરીદ કરવાની સત્તા સંશોધન વૈજ્ઞાનિક (એજીબી) ને રહેશે.

૧૪. ટેન્ડર ફી તરીકે રૂ. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ **"જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ફંડ, જુનાગઢ"** ના નામનો મોકલવાનો રહેશે. જે પરત મળવા પાત્ર નથી.

૧૫. ભાવપત્રકો સાથે અર્નેસ્ટ મની ડીપોઝીટ તરીકે દાણ માટે રૂ. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂ. એક લાખ પુરા), કપાસિયા ખોળ માટે રૂ. ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા) તથા મકાઈ દાણા (દેશી) માટે રૂ. ૫૦,૦૦૦/– (અંકે રૂપિયા પચાસ હજાર પુરા) નો જુદા–જુદા ડીમાન્ડ ડ્રાફ્ટ **"જુનાગઢ કૃષિ યુનિવર્સિટી ફંડ, જુનાગઢ"** ના નામનો મોકલવાનો રહેશે. જે વેપારીના ભાવો મજુર થશે નહીં તેમને (અર્નેસ્ટમની) આ ડીમાન્ડ ડ્રાફ્ટ પરત કરવામાં આવશે.

૧૬. એક કરતા વધારે પશુ આહાર માટે ભાવ આપનાર પાર્ટીએ અર્નેસ્ટમની ડીપોઝીટનો ડીમાન્ડ ડ્રાફ્ટ અલગ–અલગ આપવાનો રહેશે. એક જ રકમનો આપવો નહીં.

૧૭. દાણના ભાવ ૫૦ કિ.ગ્રા. × ૧ ગુણીના તથા કપાસીયા ખોળના ભાવ ૪૫ કિ.ગ્રા. × ૧ ગુણીના તથા મકાઈ દાણા (દેશી) ના ભાવ ૧ કિ.ગ્રા.ના કચેરીના ગોડાઉન પહોંચતા ઉતરાઈ મજુરી સહીતના તમામ ટેક્ષ સાથે આપવાના રહેશે.

૧૮. પશુ આહારના ભાવ સપ્લાય ઓર્ડરની તારીખથી ૧૨ (બાર) માસ માટે અમલમાં રહેશે, ઉકત સમયમાં પશુ આહારના ભાવમાં કોઈપણ વધ–ઘટ માન્ય અત્રેની કચેરી દ્વારા રાખવામાં આવશે નહી.

૧૯. પશુ આહાર ઉધાર બીલથી સપ્લાય કરવાનો રહેશે તેમજ સરકારના ધારા–ધોરણ મુજબ બીલમાંથી કપાત કરવામાં આવશે અને જેનુ ચુકવણું એકાઉન્ટ પે ચેકથી નાણાકીય જોગવાઈ મુજબ કરવામાં આવશે.

૨૦. પશુ આહારનું વજન વે–બ્રીજ પર કરવાનું રહેશે. જેનો ખર્ચ વેપારીએ ભોગવવાનો રહેશે અને વે–બ્રીજની ઓરીજીનલ રસીદ કચેરીમાં ઉધાર બીલ સાથે રજુ કરવાની રહેશે.

૨૧. પશુ આહાર દાણ માટે જેમના ભાવ મંજુર થશે તેમણે રૂ. ૨,૦૦,૦૦૦/– (અંકે રૂ. બે લાખ પુરા), કપાસિયા ખોળ માટે રૂ. ૨,૦૦,૦૦૦/– (અંકે રૂ. બે લાખ પુરા) તથા મકાઈ દાણા (દેશી) માટે રૂ.૧,૦૦,૦૦૦/– (અંકે રૂ. એક લાખ પુરા) સિકયોરીટી ડીપોઝીટ પેટે કચેરીમાં જમા કરાવવાના રહેશે.

૨૨. જે પાટી ના ભાવ મંજુર થશે તે પાટી એ સિકયોરીટી ડીપોઝીટની રકમના ૪.૨૫ % લેખે રકમના સ્ટેમ્પ પેપર ઉપર કરારનામું કરવાનું રહેશે. જેનો ખર્ચ જે તે વેપારીએ ભોગવવાનો રહેશે અને તેનો આધાર કચેરીમાં રજુ કરવાનો રહેશે.

૨૩. ફીઝીકલ ડોકયુમેન્ટ સાથે નીચેનાં આધારો સામેલ રાખવાનાં રહેશે.

(૧) પેઢીનાં રજીસ્ટ્રેશન અંગેના આધારો.

(૨) ઉત્પાદક / ડ્રીસ્ટ્રીબ્યુટર્સ / ડીલર તરીકેના આધારો. (દાણ તથા ખોળ માટે)

(૩) છેલ્લા વર્ષનું ઈન્કમટેક્ષ રીર્ટન. (૪) જી.એસ.ટી. સર્ટીફીકેટ. (૫) શરતોની નકલ સહી કરેલી.

૨૪. **ઈ–ટેન્ડરીંગ સીસ્ટમથી ઓનલાઈન મંગાવેલ ટેન્ડરો અંગેના ચેક લીસ્ટ મુજબના તમામ ફીઝીકલ ડોકયુમેન્ટ હાર્ડ કોપીમાં બંધ કવરમાં કચેરીમાં રજુ કરવાના રહેશે તથા તે બધા જ ડોકયુમેન્ટ સ્કેન કરી (સહી કરી) ઓન લાઈન અપલોડ કરવાના રહેશે. આમ નહીં કરનાર પાટી નું ટેન્ડર માન્ય રાખવામાં આવશે નહીં.**

૨૫. ટેન્ડરની શરતોનો ભંગ થયે **<u>સિકયોરીટી ડીપોઝીટ</u>** જપ્ત કરવામાં આવશે. તથા પાટી ને બ્લેક લીસ્ટમાં મુકવામાં આવશે.

૨૬. શરતી ટેન્ડરો સ્વીકારવામાં આવશે નહી તેમજ કોઈપણ ટેન્ડર માન્ય કે અમાન્ય ગણવાની સંપુર્ણ સત્તા કમિટીને રહેશે.

૨૭. ભાવ આપનાર વેપારી / પેઢીઓએ ઓછામાં ઓછા / કસમાં બીલકુલ વ્યાજબી ભાવો ભરવાના રહેશે. જે છેલ્લા ભાવ ગણાશે. ત્યારબાદ કોઈપણ પ્રકારનું નેગોશીએશન કરવામાં આવશે નહી.

૨૮. કોઈ કાયદાકીય વિવાદ ઉપસ્થિત થાય તો તેનુ નિરાકરણ જૂનાગઢ જીલ્લા ન્યાયાલયનાં કાર્યક્ષેત્રમાં રહેશે.

૨૯. પશુ આહારની ખરીદી અંગેની શરત નં. ૦૧ થી ૨૮ સુધીની તમામ શરતો નીચે ટેન્ડરરે પોતાની સહી કરી ફીઝીકલ ડોકયુમેન્ટના કવર સાથે સામેલ રાખી મોકલવાની રહેશે.

**આથી હું જાહેર કરુ છુ કે, પશુ આહાર સપ્લાય કરવા અંગેની ઉપરોકત ક્રમ નં. ૦૧ થી ૨૯ સુધીની તમામ શરતો મેં વાંચી છે અને બરાબર સમજેલ છે. તે તમામ મને કબુલ મંજુર છે.**

**સ્થળ :–** ..........................

**તારીખ :–** .......................

**ટેન્ડરરની સહી** ......................

તા. ....../....../૨૦૧૯

પ્રતિ,
સંશોધન વૈજ્ઞાનિક(એજીબી),
પશુ ઉછેર કેન્દ્ર,
જુનાગઢ ક ષિ યુનિવસિ ટી,
જુનાગઢ

વિષય :– પશુ આહાર સપ્લાય કરવાનું ટેન્ડર રજુ કરવા બાબત...

આ સાથે આપશ્રી તરફથી આપેલ જાહેરાત અન્વયે ટેન્ડરમાં જણાવેલ વિગતે પશુ આહાર સપ્લાય કરવા માટે સામેલ પત્રક તથા શરતો સાથે ટેન્ડર ફોર્મ રજુ કરું છું. આ સાથે મારા ધંધા અંગેની વિગત નીચે મુજબ રજુ કરું છું.

| | | | |
|---|---|---|---|
| (૧) | ટેન્ડરરનું નામ | :– | |
| (૨) | ટેન્ડરરનું સરનામું તથા ટેલીફોન નંબર | :– | |
| (૩) | સેલ્સ ટેક્ષ નંબર | :– | |
| (૪) | જી.એસ.ટી. સટી ફીકેટ નંબર | | |
| (૫) | પશુ આહારનો ધંધો કેટલા વર્ષથી ચાલે છે ? | :– | |
| (૬) | ધંધો ભાગીદારીમાં ચાલતો હોય તો તમામ ભાગીદારોના પુરેપુરા નામ | :– | |
| (૭) | ટેન્ડરર પોતે ઉત્પાદક છે કે વેપારી છે ? | :– | |
| (૧) | હું ..................................................................... માલીક / ભાગીદાર આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ માહીતી મારી જાણ તથા માહિતી પ્રમાણે સત્ય અને ખરી છે. | | |
| (૨) | પશુ આહાર ખરીદી અંગેની તમામ શરતો મને માન્ય છે અને ટેન્ડરમાં દર્શાવેલ સ્પેશીફીકેશન મુજબનો પશુ આહાર આપના ગોડાઉન સુધી પહોંચાડવાની તથા ઉતારી આપવાની આથી બાંહેધરી આપું છું. | | |
| (૩) | ટેન્ડરમાં ભરેલ ભાવે ભાવ મંજુર થયા તારીખથી ૧૨ માસ સુધી માલ સપ્લાય કરવા આથી બાંહેધરી આપું છું. | | |
| (૪) | ટેન્ડરની શરતો મુજબ ટેન્ડર ફી પેટે રૂ. ૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ નં. ......................... તા. ........................... બેન્કનું નામ ............................................. આ સાથે રજુ કરુ છું. | | |
| (૫) | ટેન્ડરની શરતો મુજબ અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રૂ. .................................. (અંકે રૂપિયા ................................................................ પુરા) નો ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર .................... તારીખ ........................ બેન્કનું નામ ............................................... આ સાથે રજુ કરું છું. | | |

**ટેન્ડરરની સહી ....................**

# જુનાગઢ કૃષિ યુનિવર્સિટિ, જુનાગઢ
## પશુ આહારની જાહેર નિવિદા

સંશોધન વૈજ્ઞાનીક (એજીબી), પશુ ઉછેર કેન્દ્ર, જુનાગઢ કૃષિ યુનિવર્સિટિ, જુનાગઢ-૩૬૨ ૦૦૧ જફર મેદાન પાસે ફોન (૦૨૮૫) ૨૬૭૦૧૭૭ માટે પશુ આહાર દાણ, કપાસિયા ખોળ અને મકાઇ દાણા (દેશી) વાર્ષિક ધોરણે ખરીદ કરવાનું છે. જે માટે ઇ-ટેન્ડરીંગ સિસ્ટમથી ટેન્ડર ઓનલાઇન તા. ૦૯/૧૧/૨૦૧૯ થી www.nprocure.com અથવા au.nprocure.com મારફત ભરવાનું રહેશે. ટેન્ડર સંબધિત અગત્યની તારીખો, શરતો અને બોલીઓ વિગેરે યુનિવર્સિટિની વેબ સાઇટ www.jau.in પર જાહેરાત પ્રસિધ્ધ થયા બાદ જોઈ શકાશે.

સંશોધન વૈજ્ઞાનીક (એજીબી)

# Cattle Breeding Farm
# Junagadh Agricultural University
## Junagadh- 362001

.................................................................................................

## - : : <u>Check List</u> : : -

**(1)** Copy of Registration Certificate of the firm.

**(2)** Copy of Income Tax Return for Last Year.

**(3)** Proof of Manufacturer / Dealer / Distributor.

**(4)** Copy of G.S.T. Certificate.

**(5)** Demand Draft of Tender Fee.

Demand draft of Rs. 2000.00 in favour of "Junagadh Agricultural University Fund, Junagadh" drawn on STATE BANK OF INDIA, JUNAGADH BRANCH CODE NO. 60218 towards the tender fee (Non-Refundable)

**(6)** Demand Draft of Earnest Money Deposit (EMD).

EMD of Rs. 2,50,000/- (Rupees Two Lakh Fifty Thousand Only), If tenderer submit the bid for all the three items otherwise EMD an amount of Rs. 1,00,000/- (Rupees One Lakh Only) for Item No. 1 (Cattle Feed Dan, BIS TYPE-1), Rs. 1,00,000/- (Rupees One Lakh Only) for Item No. 2 (Cattle Feed Cotton Seed Cake) and Rs. 50,000/- (Rupees Fifty Thousand Only) for Item No. 3 (Cattle Feed Maize (Desi)) will have to be paid (Refundable).

**(7)** Terms and Conditions No. 1 to 29 for Purchase of Cattle Feed (With Signature of Bidder / Tenderer in online uploded copy and hard copy also)

**(8)** Forwarding Letter with Signature of Bidder / Tenderer in both online uploded copy as well as hard copy.